
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ**

**આજના ગ્રહોની કુંડળી**




**મંગળ - શુક્ર પરિવર્તનથી ઉચ્ચના થાય છે. દસમે સૂર્ય રાજા બને તેવો યોગ ગણાય. સાતમે મંગળ રાશિને પૂર્ણ દ્રષ્ટિથી જુએ છે.**

**મેષ** રાશિમાં ચંદ્ર - દસમે સૂર્ય સેનાધિપતિ - રાજા - બનવાના યોગો ઉભા કરે છે. દિવસ ભર આનંદ રહેશે - સારા સમાચાર મળે. લાભ થાય છે.

**વૃષભ** સાતમે શનિ - બારમે ચંદ્ર ખર્ચા કરાવે - ખોટા ખર્ચામાં ઉતરવું પડે. કૌટુંબિક પ્રશ્નો ઊભા થાય. ઉકેલવા માટે સમય પસાર થાય.

**મિથુન** છાતી - પેટ - પેઢુમાં બળતરા - એસીડીટી - ઉભી થવાના યોગો છે. બને તો ખોરાક ઓછો લેવો - દૂધનું આઈસક્રીમનું સેવન કરવું.

**કર્ક** વ્યસનથી દૂર રહેવું. લોકપ્રિયતા મળે તેવા યોગો છે. ઉપરીઓથી માર્ગદર્શન અને મદદ મળી રહે - વડીલોની મદદ મળી રહે.

**સિંહ** જીભ પર કાબૂ રાખવો - કડવી વાણી સત્ય હોય તો પણ ઉચ્ચારવી - ધાર્મિક કાર્યોમાં તમારું ઈન્વોલમેન્ટ વધશે.

**કન્યા** અપશબ્દો ઉચ્ચારવા નહીં - વાદ-વિવાદમાં ઉતરવું નહીં. જીદ કરવી નહીં. આવેશ - ક્રોધમાં ન આવવું. બને તો ઘરમાં જ સમયસ પસાર કરવો.

**તુલા** બારમે રાહુ - બીજે શનિ - રાશિમાં મંગળ બધા જ પાપગ્રહો નુકસાન - બંધન - ખોટ - ના યોગો ઉત્પન્ન કરે છે. ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** ત્રીજે સૂર્ય પદ પ્રાપ્તિ યોગ કરાવે છે - છઠ્ઠે ચંદ્ર સારો છે - જે બારમે મંગળને દબાવે છે - દસમે ગુરુ શુભ રૂપ આપે છે.

**ધન** સંયુક્ત કુટુંબમાં બોલાચાલી થવાના યોગ છે - કડવાશ વધે તેમ છે શક્ય એટલી શન્તિ જાળવવા વિનંતી છે - કાળજી રાખશો.

**મકર** રાશિમાં સૂર્ય ને દસમા મંગળની દ્રષ્ટિ નવું સાહસ, પરાક્રમ કરાવે જેમાં તમો સફળ થશો - કૌટુંબિક પ્રશ્નો ઊભા થશે.

**કુંભ** આઠમા, નવમા, દસમા સ્થાનમાં પાપગ્રહો આવેલ હોઈ તંદુરસ્તીના પ્રશ્નો ઉભા કરે - સંયમથી જીવન જીવવું - વ્યસનનો ત્યાગ કરવો.

**મીન** સાતમે રાહુ - આઠમે મંગળ - પડવા - વાગવા - દાઝવાથી સંભાવના યોગો છે - ધ્યાન રાખીને તમારી દીનચર્યા કરવી - વ્યસનો હોય તો તેનાથી દૂર રહેવું.

# લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રી ઉચકાતાં ઠંડી ગાયબ : બેવડી ઋતુમાં સુસ્તીનો શિકાર

## મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે ઠંડી ગરમીના પારાની ચઢ ઉતર : છેલ્લા ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર ઠંડી ગાયબ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં શિયાળાની ઋતુનો મિજાજ વારંવાર બદલાતા મોસમના વિચિત્ર અંદાજથી આમ શહેરીજનો પરેશાન છે. ઠંડી ગરમીની બેવડી અસરના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર થવા પામી છે. છેલ્લા ૪૮ કલાકમાં ઠંડીનો પારો ૯ ડીગ્રી ઉચકાતાં આજે લઘુત્તમ તાપમાન ૧૪:૨ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. દિવસના નગરજનો પરસેવે નીતરતી ગરમીનો અહેસાસ કરી રહયા છે. જયારે રાત્રિના સમયે ઠંડીનુ મોજુ ફરિ વળતા બેવડી ઋતુ અનુભવતા નાગરિકો પણ સુસ્તીનો શિકાર બન્યા છે.

હરિયાળા ગાંધીનગરમાં શિયાળાની ગુલાબી ઠંડીની મોસમ આ વર્ષે નગરજનો માટે સુસ્તીરૂપ બની હોવાનુ સ્પષ્ટ થયુ છે. ઠંડી ગરમીના પારાની સતત વધ ઘટના લીધે મોસમના વિચિત્ર મિજાજનો અહેસાસ નગરજનો કરી રહયા છે. આજે ઠંડી અને કાલે ગરમીની જેમ સતત બદલાતા વાતાવરણના લીધે શહેરજનોના આરોગ્યને પણ વિપરિત અસર થઈ રહી છે. બદલાતા રહેતા મૌસમના મિજાજ વચ્ચે શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓમાં પણ સતત વધારો જોવા મળી રહયો છે. આક્રમક બનતી ઠંડીનો પારો અકદમ ઉંચકાતા ગરમ કપડામાં લપેટાયેલા નગરજનોએ ઘરમાં પંખા ચાલુ કરી બેસવાનો વારો આવે છે. છેલ્લા ૪૮ કલાકમાં જ ઠંડીનો પારામાં ૯ ડીગ્રીનો ફેરફાર નોંધાયો છે.એક દિવસ અગાઉ જ લઘુત્તમ તાપમાન ૮.૫ ડીગ્રી પહોંચી જતા નગરજનો આક્રમક કોલ્ડ વેવની અસરથી પ્રભાવિત થયા હતા. જયારે ૪૮ કલાકમાં જ મોસમનો મિજાજ બદલાતા લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જેના લીધે શહેરીજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. દિવસ દરમિયાન પણ તાપ આકરો બનતા શહેરીજનોને પરસેવે ભીંજાવાનો વારો આવ્યો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી નોંધાયુ હતુ. અગાઉ અસહ્ય કોલ્ડ વેવથી પ્રભાવિત શહેરીજનો ઠંડી ગરમીના અહેસાસથી સુસ્તી અને અકળામણ અનુભવી રહયા છે.

# ભાજપના નવા પ્રદેશ પ્રમુખ શંકર ચૌધરી કે મનસુખ માંડવિયા

અમદાવાદ, તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાયા બાદ પણ રાજય ભાજપના પ્રમુખ કોણ રહેશે તે અંગે કોઈ નિર્ણય લઈ શકાયો નથી તેવી સ્થિતિમાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંતિમ નિર્ણય લે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમિત શાહ અને આનંદીબેન વચ્ચે આ મુદ્દે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ સંદર્ભમાં કોઈ માહિતી જારી કરવામાં આવી નથી.

આ બેઠકમાં ગુજરાતના પ્રદેશ પ્રમુખ સહિત કેટલાક મુદ્દે ફરી મડાગાંઠ સર્જાતા હવે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ કોણ બનશે તેનો આખરી ફેંસલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કરશે તેવી સંમતિ સર્જાઈ હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. જેમાં હાલમાં મનસુખ માંડવિયા તથા શંકર ચૌધરી પૈકી કોઈ એકની પસંદગી કરાશે તેમ નિશ્ચિત મનાઈ રહ્યું છે. જો કે નરેન્દ્ર મોદી તેમની જુની આદત મુજબ કોઈ નવું જ નામ પસંદ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. અગાઉ અનેકવાર નરેન્દ્ર મોદીએ દરેક તબક્કે તદ્દન નવા નામોની જાહેરાત કરી ભાજપના સંગઠન તેમજ મીડિયાને ચોકાવી દીધા હતા. આ પ્રકરણમાં પણ આવું બની શકે તેવી શંકા ભાજપમાં સેવાઈ રહી છે.





**ઉત્તરાયણની પાછોતરી અસર :** આજકાલ શહેર કે ગામડાના માર્ગો ઉપરથી પસાર થઈએ તો આ બન્ને દશ્યો આપણી આંખ સામે પ્રશ્નાર્થ બનીને ઉભા રહે છે. પતંગ ઉડાડવાની મજા અનોખી જ હોય છે. સૂર્ય ઉપાસનાનું મહાપર્વ છે. સામૂહિક જીવનના પાઠ શિખવાનું નિમિત્ત છે. ઉલ્લાસ પ્રગટાવવાનું અનોખુ પર્વ છે. પરંતુ પર્યાવરણ અને પક્ષીઓનો વિચાર નહીં કરાતા સોનાની ઢાળીમાં લોઢાની મેખ અનુભવાય છે. પર્યાવરણના મહત્ત્વના અંગો વૃક્ષ અને પક્ષીઓ બન્નેને નુકસાન થતું હોય તેવા શોખ અને આનંદની અભિવ્યક્તિ સંદર્ભે પુનઃ વિચારવાની આવશ્યક્તા છે. ઉલ્લાસ અને આનંદની અનિવાર્યતા છે. પરંતુ પર્યાવરણના રક્ષણની જવાબદારી પણ એટલી જ આપણા સૌના શિરે છે. આ તસવીરો આપણને આગામી ઉત્તરાયણ સંદર્ભે કંઈક વિચારવાની પ્રેરક બને એવા આશયથી રજૂ કરાઈ છે.

# અરવલ્લી જિલ્લાને અઢી વર્ષ થયા પણ ૩૦ કચેરીઓના હજુ ઠેકાણા નથી

મોડાસા, તા. ૧૬

ગુજરાત સરકારે મોટા ઉપાડે જાહેર કરેલા અરવલ્લી જિલ્લામાં અઢી વર્ષબાદ પણ ૩૦ જેટલી જિલ્લાકક્ષાની કચેરીઓના ઠેકાણા નથી. એમાંય મહેસુલ અને પંચાયત વિભાગમાં ૩૦૦થી વધુ જગ્યાઓ ખાલી હોઈ ઈન્ચાર્જથી હંકારતા વહીવટના કારણે જિલ્લાવાસીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.

વર્ષ-૨૦૧૩ની ૧૫મી ઓગસ્ટે અરવલ્લી જિલ્લાની રચનાની સત્તાવાર જાહેરાત કરાઈ હતી. જિલ્લાની જાહેરાત સાથે સૌપ્રથમ કલેક્ટર અને અંદાજે દોઢ વર્ષ બાદ રેગ્યુલર જિલ્લા વિકાસ અધિકારી નિયામ હતા. જિલ્લાવાસીઓની સેવા-સુવિધા સુધારવા કે વધારવા નવીન જિલ્લાની રચના છતાં આજે અઢી વર્ષ બાદ પણ ૩૦ કચેરીઓની સેવા માટે જિલ્લાવાસીઓને સાબરકાંઠા ધક્કા ખાવા પડે છે. આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, પાણી પુરવઠા, ખોરાક અને ઔષધિ વિભાગની કચેરીઓના સરનામા નથી. જિલ્લામાં કચેરીઓ તો નથી સાથે કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત હસ્તકની મહેસુલ અને પંચાયત વિભાગની કચેરીઓમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓની જગ્યાઓ પણ ખાલી હોઈ સરકારી યોજનાઓનો સાચા અર્થમાં લાભ પ્રજા સુધી પહોંચી શકતો નથી અને કચેરીઓમાં ફરજ બજાવતા ગણ્યા-ગાંઠ્યા બાબુઓ ઉત્સવો અને મિટિંગોમાં વ્યસ્ત રહેતા હોઈ પ્રજાના નસીબે તો ધરમ ધક્કા આવે છે.

### મહેસુલ અને પંચાયત વિભાગમાં ૩૦૦થી વધુ જગ્યા ખાલી

- જિલ્લા આર્યુવેદ આરોગ્ય અધિકારી
- નાયબ વન સંરક્ષક-સામાજિક વનીકરણ
- યોજના બાંધકામ વિભાગ (કાર્યપાલક-ઈજનેર કચેરી)
- કાર્યપાલક ઈજનેર (આરએન્ડબી-સ્ટેટ)
- અધિક્ષક ઈજનેર (યુજીવીસીએલ)
- પછાત વર્ગ કલ્યાણ અધિકારી
- સિવિલ સર્જનની કચેરી
- મદદનીશ શ્રમ આયુક્ત (ઉદ્યોગ)
- જિલ્લા સહાયક નિરીક્ષક (સ્થાનિક ભંડોળ)
- અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (જિલ્લા મેનેજર)
- જિલ્લા રમતગમત અધિકારી
- નશાબંધી અને આબકારી અધિક્ષક
- પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી
- જિલ્લા જળસ્ત્રાવ એકમ (પ્રોજેક્ટ ડાયરેક્ટર)

ઉપરાંત, સિંચાઈ, પાણી પુરવઠા, સુજલામ સુફલામ, જળસંપત્તિ સંશોધન, જીઆઈડીસી મેનેજરથી માંડી ૩૦ જેટલી કચેરીઓના અધિકારી હિંમતનગરથી સેવા આપે છે.

### મહેસુલ વિભાગમાં ખાલી જગ્યાઓ

૧ જિલ્લા પુરવઠા અધિકારી
૨ સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર
૧ મધ્યાહન ભોજન નાયબ કલેક્ટર
૧ જિલ્લા આયોજન અધિકારી
૨ મામલતદાર, ૬૨ નાયબ મામલતદાર
૨૮ કારકૂન તેમજ સ્ટેનોગ્રાફર, ઓપરેટરો અને સેવકોની પણ જગ્યાઓ ખાલી છે

પંચાયત વિભાગમાં ખાલી જગ્યાઓ

૮ નાયબ ચીટનીસ, ૩ વિસ્તરણ અધિકારી પંચાયત
૫૮ જુનિયર ક્લાર્ક
૨ ટાઈપિસ્ટ (ગુજરાતી અને અંગ્રેજી)
૧૧ સહકારી અને ઉદ્યોગ અધિકારી
૬ પંચાયત સર્કલ ઈન્સ્પેક્ટર
૨ સંશોધન મદદનીશ, ૭ આંકડા મદદનીશ
૨૧ સિનિયર ક્લાર્ક, ૪૨ ડ્રાઈવર
૯૩ સેવક (પટ્ટાવાળા) તેમજ તલાટીઓ, ગ્રામસેવકો અને ખેતીવાડી વિભાગમાં જગ્યાઓ ખાલી છે.

# આઈસીએઆઈની ડબલ્યુઆઈઆરસીમાં અમદાવાદના ત્રણ સભ્યો ચૂંટાયા

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) અને આઈસીએઆઈની વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ (ડબલ્યુઆઈઆરસી)ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં અમદાવાદના સીએ ધીનલ શાહ સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર તરીકે પુનઃ ચૂંટાઈ આવ્યા છે.

ડબલ્યુઆઈઆરસીમાં અમદાવાદના સીએ અનિકેત તલાટી, સીએ પુરૂષોત્તમ ખંડેલવાલ અને સીએ પ્રિયમ શાહ ચૂંટાઈ આવ્યા છે. આઈસીએઆઈની સેન્ટ્રલ કાઉન્લમાં ૩૨ ચૂંટાયેલા સભ્યો અને કેન્દ્ર સરકારના આઠ નોમિનેટેડ સભ્યો હોય છે. આઈસીએઆઈની ડબલ્યુઆઈઆરસી મુંબઈમાં છે અને તે આઈસીએઆઈની સૌથી મોટી રિજનલ કાઉન્સિલ છે.

આઈસીએઆઈની ડબલ્યુઆરસી ૩૨ બ્રાન્ચોનું નેટવર્ક ધરાવે છે, જેમાં ૮૫ હજાર ચાર્ટર્ડ એકાઉન્ટસ્સ ૨,૨૫,૦૦૦ સીએ સ્ટુડન્ટસ અને ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશો દમણ, દીપ અને દાદરા-નગર હવેલીના ૨૨ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

આઈસીએઆઈ પાંચ રિજનલ કાઉન્સિલો અને ૧૫૦ બ્રાન્ચોનું નેટવર્ક ધરાવે છે. કંપની બાબતોનાં મંત્રાલય દ્વારા તેનું વહીવટી નિયમન થાય છે.

# ભિલોડાની સાંઈ ટાઉનશીપના બંધ મકાનમાંથી ૩.૫૦ લાખની ચોરી

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જોધપુર(મોહનપુર)ગામના નિવૃત બેંક કર્મચારીના ઘરમાં રૂા.૬૫,૦૦૦/-ની ચોરીની શાહી સુકાઈ નથી ત્યાં તો વળી તા.૧૪ થી તા.૧૫ની રાત્રીએ ધોલવાણી પાસેના ભુતાવડ રોડ ઉપર આવેલ શ્રી સાંઈ ટાઉનશીપમાં રહેતા અને ભિલોડા ખાતે દૃષ્ટી આંખની હોસ્પિટલના ડૉક્ટર હિરેન બી.નિનામાના બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના ઘરેણા તેમજ રોકડ રૂા.૧,૬૦,૦૦૦/-અને દર દાગીના રૂા.૧,૯૦,૦૦૦/-કુલ મળી રૂા.૩,૫૦,૦૦૦/-માતબર રકમ ચોરાયાની ભિલોડા પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

ચોર લોકોએ ઘરમાં પ્રવેશી(૧) સોનાનો ગળામાં પહેરવાનો ૪ તોલાનો સેટ (૨) બુટ્ટી ૧ તોલાની(૩) સોનાની ચેન દોઢ તોલાની (૪) બે વીટી ૧ તોલાની(૫) ચાંદીની ઝાંઝર બે નંગ-૨(૬) ચાંદીનો કમર જુડો(૭) ચાંદીના ત્રણ સિક્કા(૮) નાના બાળકોના ઝાંઝર-૪ (૯) બંગડી ત્રણ નંગ જે કુલ મળી ઘરેણાંની કિંમત રૂા.૧,૯૦,૦૦૦/- અને રૂા.૧,૬૦,૦૦૦/-રોકડા જે કુલ મળી રૂપિયા ૩,૫૦,૦૦૦/-ની માતબર રકમની ચોરી કરી કોઈ અજાણ્યા ઈસમો પલાયન થઈ જતાં ફરીયાદી હિરેન બાબુભાઈ નિનામા, રહે.સાંઈ ટાઉન શીપની ફરીયાદના આધારે પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી કરી તસ્કરોનું પગેરૂ શોધવા ડોગસ્કવોર્ડ તેમજ વિગેરે મદદ લેવામાં આવી છે ત્યારે મોટો પ્રશ્ન એ છે કે શિક્ષીત, ભણેલા, ગણેલા, નિવૃત, ચાલું નોકરીયાતો આટલી મોટી માતબર રકમ ઘરમાં શા માટે રાખતા હશે ? બેંકોમાં લોકરની પણ સુવિધા છે.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

આ વિશ્વ પુસ્તક મેળામાં સંસારના સૌ પ્રથમ શબ્દકોશ 'નિઘંટુ' થી માંડીને દિલ્હીના લેખિકા-કવયિત્રી નમિતા રાકેશના તાજેતરમાં પ્રગટ થયેલા અને અહીં ડૉ. કુંવર બૈચેનના હસ્તે વિમોચિત થનાર ગઝલ સંગ્રહ 'મૈં તેરી ગઝલ હૂં' સુધીના ભારતની ૨૨ ભાષાઓ અને વિશ્વની અનેક ભાષાઓના અનેક વિષયોના અનેક સર્જકોના પુસ્તકોનો એક આખો મહાસાગર અહીં છલકતો જોવા મળ્યો હતો.

આ વિશ્વ પુસ્તક મેળામાં ગુજરાતી ભાષાના પ્રતિનિધિરુપે 'ગૂર્જર પ્રકાશન' નો એક સ્ટોલ અને છેલ્લા ૨૫ વર્ષથી પ્રતિનિધિત્વ રુપે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના ૨ સ્ટેન્ડ દ્વારા દિલ્હી સ્થિત અને વિશ્વભરમાંથી આવેલા વાંચકોને ગુજરાતી શ્રેષ્ઠ પુસ્તકોનો ખજાનો મળ્યો છે. આ મેળામાં ગુજરાતી અન્ય પ્રકાશકોની ઉદાસીનતાની પણ નોંધ લેવાઈ હતી.

આવા પુસ્તક મેળાના આયોજનથી સમગ્ર વિશ્વની સામે ભારતની ઓળખ એક શિક્ષિત અને સંસ્કારી દેશ તરીકે ઊભી થઈ છે. મિત્રો, જો જીવનમાં તમે આ 'વિશ્વ પુસ્તક મેળો' એકેય વાર નથી જોયો તો આવો આજે, પ્રતિજ્ઞા લઈએ કે આવતા વર્ષે આ 'વર્લ્ડ બુક ફેર' માં ચોક્કસ જઈશું અને અનેક પુસ્તકો ખરીદીને વાંચીશું અને પરિવારને શિક્ષિત - સંસ્કારીત કરીશું. 'ગ્રંથ દેવો ભવઃ'

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

નજર નાખીએ તો ટેલીશોપિંગમાં સૌથી મોખરે તો મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક આઈટમો જ છે. એ પછીના નંબરે કિચન એપ્લાઈન્સ આવે અને પછી ફૂટવેર અને કપડાઓ. એક સમયે ફક્ત વસ્તુઓ વેચતી આ ટેલીશોપિંગ ચેનલ્સ. હવે બ્રાંડ પ્રમોશન અને કસ્ટમર સેટીસ્ફેક્સન તરફ વધુ ધ્યાન આપતી થઈ છે. વધુ ને વધુ કમ્પનીઓ ટેલીશોપિંગના બિઝનેસમાં આવવાથી અંતે ફાયદો તો ગ્રાહકોનો જ છે ને...!!!
(□□□□□□□@□□□□□.□□□)

વિસામો :

જલ્દી ડાયલ કરો યે ટોલ ફ્રી નંબર... દેખો ઐસા મૌકા દુબારા નહિ મિલેગા... યે મૌકા હાથ સે છૂટનાં જાયે... કંપનીને સિર્ફ આપકે લિયે હી યે સ્કીમ નિકાલી હૈ...!! ટેલી શોપિંગ ચેનલ્સ પરના અમુક કોમન ડાયલોગ્ઝ...!!!

